અમદાવાદ(ગ્રામ્ય)ના ૬ ઠ્ઠા અધિક ચીફ જયુ.મેજી. / જયુ.મેજી.(ફ.ક.) સાહેબની કોર્ટમા,
મુ. મીરઝાપુર, અમદાવાદ..

ફોજદારી કેસ નં.:–૧૦૭૭/૨૦૧૯
આંક –

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુઘ્ધ

આરોપીઓ :– રાજેશભાઈ રઘુભાઈ કેવટ

**ગુનો : ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબ**

## ચુ કા દો

૧. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ઈ.પી.કો.ક.૨૮૩ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આજ રોજ ના.નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે.સીટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીને ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ લીધી. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે. અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે. અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આમ આરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છું.

## :: હુકમ ::

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ:૨૮૩ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/– (રુપીયા એક સો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન:૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૦૯ મી માહે માર્ચ સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ:અમદાવાદ. (ટી.એ.ભાડજા)
તા.૦૯/૦૩/૨૦૧૯ UIC NO G J 01399
છઠ્ઠા એડી.જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.